## Vice President of India visited the UAE to convey condolences on passing away of HH Sheikh Khalifa bin Zayed Al Nahyan

### ભારતના ઉપરાષ્ટ્રપતિએ  શેખ ખલીફા બિન ઝાયેદ અલ નાહયાનના નિધન પર શોક વ્યક્ત કરવા UAE ની મુલાકાત લીધી

મે 15, 2022

ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ.  વેંકૈયા નાયડુ 15  મે 2022  ના રોજ UAE ના પૂર્વ પ્રમુખ અને અબુ ધાબીના શાસક, મહામહિમ શેખ ખલીફા બિન ઝાયેદ અલ નાહયાનના દુઃખદ અવસાન પર UAE નેતૃત્વને ભારત સરકાર વતી શોક વ્યક્ત કરવા UAE ની મુલાકાતે ગયા હતા.

ઉપરાષ્ટ્રપતિ બપોરે અબુ ધાબીમાં ઉતર્યા બાદ સીધા મુશરિફ પેલેસ ગયા હતા અને UAEના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ, રાજવી પરિવાર અને UAEના સમગ્ર નેતૃત્વને મહામહિમ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનને દિલસોજી પાઠવી  હતી.

ઉપરાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સંવેદના વ્યક્ત કરી અને પુનરોચ્ચાર કર્યો કે ભારત અને તેના લોકો આ મુશ્કેલ સમયમાં UAEની પડખે ઉભા છે.

ઉપરાષ્ટ્રપતિએ પ્રેમપૂર્વક યાદ કર્યું હતું કે  શેખ ખલીફા બિન ઝાયેદ અલ નાહયાનના નેતૃત્વ હેઠળ, ભારત-UAE સંબંધો બંને દેશોના લોકોના પરસ્પર લાભ માટે ખૂબ ફાલ્યા-ફૂલ્યા હતા અને એ પણ કે શેખ ખલીફાએ UAEમાં વિશાળ ભારતીય સમુદાયની અસાધારણ કાળજી લીધી, લોકો તેમના પ્રત્યે ઉચ્ચ  સન્માન  ધરાવતા હતા.

આ અગાઉ, વિદેશ મંત્રી ડૉ.  એસ.  જયશંકરે 14  મે 2022ના રોજ નવી દિલ્હીમાં UAE એમ્બેસીની મુલાકાત ભારતનો શોક વ્યક્ત કરવા  લીધી હતી અને ભારતે 14  મે 2022ના રોજ રાષ્ટ્રીય શોકનો દિવસ પણ મનાવ્યો છે.
ઉપરાષ્ટ્રપતિએ યુએઈના ત્રીજા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા પર મહામહિમ શેખ મોહમ્મદને પણ શુભેચ્છાઓ પાઠવી હતી.
ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેમની સંભાળ અને નેતૃત્વ હેઠળ બંને દેશો નવા અને વિવિધતાસભર ક્ષેત્રોમાં તેમના ઐતિહાસિક અને ઘનિષ્ઠ વ્યૂહાત્મક સંબંધોને આગળ ધપાવવાનું ચાલુ રાખશે.

ઉપરાષ્ટ્રપતિની સાથે યુએઈ ખાતેના ભારતના રાજદૂત, ઉપરાષ્ટ્રપતિના સચિવ, સંયુક્ત સચિવ (ગલ્ફ)  અને ભારત સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા

**આબુ ધાબી**
**મે  15, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.